

# માનવીનો દશ વિકારો પર વિજય એટલે દશેરો

**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

ભારત અધ્યાત્મ પ્રધાન દેશ છે. આપણા તહેવારોનું પણ આધ્યાત્મિક રહસ્ય છે. આજે તહેવારો તો ઉજવાય છે પણ તેમનું સાચું રહસ્ય ભુલાઈ ગયું છે. દર વર્ષે દશેરા અથવા વિજયાદશમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. કેટલાયે દિવસો પહેલાંથી જ રામલીલા શરૂ થઈ જાય છે. બાળકો, વૃદ્ધો બધાં જ ઉત્સાહથી રાવણને બળતો જોવા આતુર બને છે. જ્યારે દશેરાનો દિવસ આવે છે ત્યારે ખૂબ જ આનંદ માણે છે. જરૂર રાવણ આપણો દુશ્મન હોવો જોઈએ, નહીં તો કોઈ મિત્ર, સંબંધીના મૃત્યુ વખતે તો શોક છવાઈ જાય છે. આમ જોઈએ તો હંમેશાં દુશ્મનનું જ પૂતળું બાળવામાં આવે છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ રાવણ શત્રુ કોણ છે અને તેને દર વર્ષે કેમ બાળવામાં આવે છે ? તો એનો જવાબ એક જ મળે કે તે લંકાનો રાજા હતો. તે એટલો શક્તિશાળી હતો કે જેણે જળ, અગ્નિ, વાયુ અને કાળને પોતાના પલંગના પાયે બાંધી રાખ્યાં હતાં. રાવણને દશાશન અર્થાત્ દશ માથાંવાળો કહેવામાં આવે છે પરંતુ શું એ વાત સાચી હોય શકે કે કોઈ વ્યક્તિને દશ માથાં હોય? એવી વ્યક્તિ સૂતી કઈ રીતે હશે ? સમજો રાવણ દશ માથાંવાળો હતો તો, પછી એના વંશમાં પણ કોઈને આજે દશ માથાંવાળો નહીં તો ચાર માથાંવાળો તો કોઈ માણસ જોવામાં આવવો જોઈએ ને? વાસ્તવમાં રાવણ કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી, ન એવો કોઈ દશ માથાંવાળો માણસ હોય, રાવણ માયાનું પ્રતીક છે અને એનાં દશ માથાં માયાનાં કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર પાંચ વિકારોની નરમાં અને એ જ પાંચ વિકારોની નારીમાં

> **પહેલા રાવણ પ્રત્યક્ષ રૂપમાં ન આવતા સાધુરૂપમાં આવે છે. જેમ કે કામવિકાર નહીં હોય તો સૃષ્ટિનું સંવર્ધન કઈ રીતે થશે?**

પ્રવેશતાના સૂચક છે. જો રાવણ ખરેખર કોઈ એક રાજા હોય તો એના એક જ વખતના દહનથી જ કામ પૂરું થઈ ગયું હોત પરંતુ આ તો માયાના જ અલંકારિક રૂપનું પ્રતીક છે માટે એનું દર વર્ષે દહન કરવામાં આવે છે અને એ પણ ત્યાં સુધી, જ્યાં સુધી રાવણ ખરેખર બળીને રાખ થઈ જાય. દશેરા અથવા ‘દશહરા’ નો અર્થ છે કે નરનારીના દશ વિકારોને હરાવવા. સાચો દશેરો ત્યારે જ ઉજવાય છે, જ્યારે નિરાકાર પરમ પિતા પરમાત્મા શિવ પતિત મનુષ્યાત્માઓને ફરીથી પાવન અર્થાત્ નિર્વિકારી, પાવન બનાવીને સાચા રામરાજ્યની સ્થાપના કરે છે. દશેરાને વિજયાદશમી પણ કહેવામાં આવે છે. વિજયાદશમીનો ભાવાર્થ એ છે કે દશ વિકારો ઉપર વિજય મેળવવો. મનુષ્ય પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો દ્વારા વિકારોને વશીભૂત થઈને જ વિકર્મ કરે છે. અર્થાત્ વિકારો ઉપર



વિજય મેળવવો એ જ સાચી વિજયાદશમી છે.

મોહ નહીં હોય, તો બાળકોનું પાલન કઈ રીતે થશે ? લોભ નહીં હોય તો ગૃહસ્થી કઈ રીતે ચાલશે? વગેરે તો આ વિકારો આપણી સામે સાધુવેશે આવે છે અને ત્યારે આપણે આત્મારૂપી સીતાઓ પોતાના લક્ષ્યને ભૂલી માયારૂપી રાવણની જેલમાં ફસાઈ જઈએ છીએ. પછી પરમાત્મા નિરાકાર રામ આપણને મુક્ત કરવા માટે આવે છે. પરમાત્મા ‘રામ’નું મનુષ્યાત્માઓને વિકારોથી છોડાવવું એ જ સાચી વિજયાદશમી અથવા દશેરો છે.

રાવણ માટે જે પ્રસિદ્ધ છે કે તેણે પવન, કાળ વગેરેને પલંગે બાંધ્યા હતાં, તે વાત આજના સમયે બંધબેસતી નથી. આજે બટન દબાવતાં જ પંખો હવા આપે છે. સ્થળે સ્થળે પાણીના મોટા મોટા બંધો બંધાયેલા છે. રોકેટ દ્વારા તીવ્ર ગતિથી હજારો, લાખો માઈલ દૂર જઈ શકાય છે. આ રીતે જળ, વાયુ, કાળ વિગેરે સર્વને બાંધી લીધાં છે. રાવણ માટે એ પણ કહેવાતુ હતું કે તેનું મસ્તક કપાતું હતું અને ફરી લાગી જતું હતું. આજે વર્તમાન સમયે જોઈશું તો મનુષ્ય રોજ મંદિરમાં પ્રાર્થના કરે છે કે, હવેથી ક્રોધ નહીં કરીશ પણ તરત જ ક્રોધ કરી બેસે છે. તેથી એ સિદ્ધ થાય છે કે ક્રોધનું મસ્તક કપાય પણ છે અને ફરીથી જોડાઈ પણ જાય છે. વાસ્તવમાં રાવણ રામબાણ અર્થાત્ બ્રહ્માસ્ત્રથી મરાયો, નહીંતર એનું મસ્તક તો ફરી ફરી જોડાઈ જતું હતું. આનું પણ રહસ્ય છે. દ્વાપરયુગથી લઈને ઋષિમુનિ, સાધુ, સંત વિગેરેનાં ભક્તિ બાણોથી રાવણનો અંત આવ્યો નહીં પણ કળિયુગના અંત સમયે અને સતયુગના આદિકાળમાં એટલે કે પુરુષોત્તમ સંગમ યુગમાં રામેશ્વર નિરાકાર પરમાત્મા શિવ, સાકાર પ્રજાપિતા બ્રહ્માના શરીર રૂપી રથમાં દિવ્ય પરકાયા પ્રવેશ કરી જે ઈશ્વરીય જ્ઞાન આપે છે તે જ્ઞાન બાણથી જ રાવણનું દહન થાય છે. આજે પણ સૃષ્ટિ પર રાવણરાજ્ય છે, તેથી તો ગાંધી બાપુની પણ ઈચ્છા રામરાજ્ય સ્થાપવાની હતી જે આજે પણ અધૂરી....

ખરેખર તો માનવીએ તેની ભીતરમાં રહેલા પાંચ વિકારોરૂપી રાવણ તત્ત્વને ઈશ્વરીય જ્ઞાનબાણોથી વીંધીને, સહજ રાજયોગના અભ્યાસથી આત્મા અને પરમાત્માના અનુસંધાનથી યોગબળની પ્રાપ્તિ જીવાત્મા અનુભવે છે જે થકી મનુષ્યમાં પ્રવેશ કરેલ પાંચ વિકારો યોગાગ્નિથી દગ્ધ થાય છે અને જીવાત્મા વિજય પ્રાપ્તિનો સાચો સુખશાંતિનો આનંદ અનુભવે છે. આ મનની સાચી સુખશાંતિ અને આનંદનો અનેરો અનુભવ અન્ય મનુષ્યાત્માઓને શુભભાવનાઓ સાથે વહેંચવાનો છે.

ઓમ શાંતિ...

---

# યુવા મનનાં સ્પંદનો

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે : “ઠંડા પહોરે ચાલવા માંડો, નહીં તો તડકા વખતે હેરાન થશો.”

બારણે ટકોરા દેતી પળને કંકુ-ચોખા લઈને પોંખી લેવાની વાત અહીં કહેવાઈ છે કારણ કે વહી ગયેલાં નીર અને સરી ગયેલો સમય ક્યારેય પાછો મેળવી શકાતો નથી. ઠંડા પહોરે સોડ તાણીને સુતો રહે છે, તેને જીવનયાત્રામાં બપોરનો આકરો તાપ વેઠવાનો વારો આવે છે. ભલે કહેવાયું હોય કે, ‘જાગ્યા ત્યારથી સવાર’ પરંતુ જે બપોરના બાર વાગે કે સાંજના સાત વાગે જાગે છે તે સવારનો સ્ફૂર્તિદાયક સૂર્યપ્રકાશ ચોક્કસ ગુમાવે છે, એ નિર્વિવાદ હકીકત છે.

લોઢું તપેલું હોય ત્યારે જ ઘણ ફટકારી દેવામાં ડહાપણ છે. લોઢું ઠરી જાય પછી સાંધો બાઝતો નથી. માટી ચાકડે ઘૂમતી હોય ત્યારે જ ઘાટ ઘડી દેવામાં શાણપણ છે. પાકે ઘડે કાંઠા ક્યારેય ચઢતાં નથી. તેમ કંઈક પામવા માટે યુવાનીના ઉંબરેથી જ જીવનના મેદાનમાં છલાંગ મારવામાં સમજદારી છે. જીવનની વસંત જેવી યુવાની વીતી જાય પછી સફળતાનાં પુષ્પોને ખીલવાનું અઘરું પડે છે. યુવાનીનાં વર્ષોમાં જ જીવનવિકાસ માટે વિશેષ કાળજી લેવી ઘટે છે કારણ કે તે સમયે ખીલતી યુવાની, વિકસતી બુદ્ધિ, શક્તિસભર ઈન્દ્રિયો છે.

તેથી જ ઝવેરચંદ મેઘાણી કહે છે કે,

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠી ભોમ પર, યૌવન માંડે આંખ.

અણદીઠી, વણખેડાયેલી ભોમ ખૂંદવાની સાચી ઉંમર યુવાની છે. આપણે વિશ્વના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો આપણને જણાય કે ખરેખર, યૌવનના થનગનાટે દુનિયાની તાસીર અને તસવીર બદલી છે. જેમણે જેમણે ઈતિહાસ સર્જ્યો છે, તે બધાં ઠંડા પહોરે ચાલી નીકળેલા છે.

અણુશક્તિનો તાગ કાઢનાર આઈનસ્ટાઈને



વિજ્ઞાનની ગૂંચ ઉકેલવાનો નિર્ધાર કર્યો ત્યારે તેઓ ૧૨ વર્ષના હતા. ૧૬મા વર્ષે સાપેક્ષવાદના સિદ્ધાંત વિષે નિબંધ લખી E=mc2 સમીકરણનો પાયો નાખ્યો અને ૨૬ મા વર્ષે તો સિદ્ધાંત પ્રગટ કરી દીધો.

૧૨ વર્ષ અને ૮ મહિના રાજ કરીને સમ્રાટ સિકંદર ૩૩મા વર્ષે અવસાન પામ્યો ત્યાં સુધીમાં તે અડધા વિશ્વનો વિજેતા બની ચૂક્યો હતો અને ૭૦ નવાં શહેરો સ્થાપી ચૂક્યો હતો. નેપોલિયન ૨૯મા વર્ષે ફ્રાન્સનો સરમુખત્યાર થયેલો. વિલિયમ પીટ માત્ર ૨૪ વર્ષની વયે જ ઈંગ્લેન્ડનો વડા પ્રધાન બની ગયેલો.

અમેરિકાની કાળી પ્રજાની જીવનકહાણી બદલી દેનાર માર્ટિન લ્યુથર કિંગે સવાબે કરોડ નાગરિકોના

> **રામનારાયણ પાઠકની આ પંક્તિઓ પ્રત્યેક યુવાને વિચારવાની છે. ‘મારી યુવાની વેડફાઇ તો નથી રહી ને?’ આ આંતરખોજ દરેક યુવાને કરવાની છે**

અધિકારોની ચળવળ ઉપાડી, ત્યારે તેઓ માત્ર ૨૬ વર્ષના હતા. ‘I have a dream.... ’( મારું એક સ્વપ્ન છે...) એ જગપ્રસિદ્ધ વક્તવ્ય આપ્યું ત્યારે તે ૩૪ વર્ષના હતા. અને 35મા વર્ષે તો શાંતિ માટેનું શ્રેષ્ઠ નોબલ પ્રાઈઝ તેમના ઘરની શોભા વધારતું હતું.

ન કેવળ લૌકિક માર્ગ પરંતુ અધ્યાત્મ પથ પર પણ આવાં ઘણાં દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ તરવરે છે.

પોતાની સંતતિ અને સંપત્તિ છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય સાંસ્કૃતિક ક્રાંતિના પથ પર ચાલી નીકળ્યા ત્યારે એ વૃદ્ધ નહીં પણ યુવાન હતા. અદ્વૈતમતના પ્રણેતા શંકરાચાર્યે પોતાની સાંસ્કૃતિક યાત્રાનો પ્રારંભ યુવાનીમાં કર્યો હતો અને સ્વામી વિવેકાનંદે શિકાગોના મંચ પર જ્યારે ભારતીય સંસ્કૃતિની ગરિમાની ઉદ્ઘોષણા કરી ત્યારે તેઓ ૩૦ વર્ષના હતા.

ભગવાન સ્વામીનારાયણે સમગ્ર ભારતની ૧૨,૦૦૦ કિ.મી.ની પદયાત્રાનો પ્રારંભ ૧૧ વર્ષે કર્યો હતો અને તે કલ્યાણયાત્રાની પૂર્ણાહુતિ કરી ત્યારે તેઓ માત્ર ૧૮ જ વર્ષના હતા. ૨૧ વર્ષની ઉંમરે સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. સાંપ્રતકાળે પચાસથી વધુ દેશોમાં વિસ્તરેલી વિશ્વવિખ્યાત BAPS સ્વામીનારાયણ સંસ્થાના પ્રમુખપદે પ્રમુખસ્વામી મહારાજ આરૂઢ થયા, ત્યારે તેઓ ૨૮ વર્ષના નવયુવાન હતા.

એટલા માટે જ પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે જીવનમાં કંઈક પામવાનો શ્રેષ્ઠ સમય એટલે યુવાની. જો યુવાની રચનાત્મક દિશા તરફ આગળ વધે તો સમાજમાં ક્રાંતિ લાવી શકે. સમાજમાં પ્રગતિ અને શાંતિ લાવી શકે. રાષ્ટ્ર અને નાગરિકોની સેવા થઈ શકે પરંતુ જીવનના ધ્યેયને હાંસલ કરવા જેણે યુવાની ગુમાવી, તેની કિંમત ટકાના ત્રણ શેર પણ રહેતી નથી.

યુવાનીને બીડી-સિગારેટના ધુમાડામાં ફૂંકી મારનાર, એક્ટરો-ક્રિકેટરો પાછળ ઘેલા બની વેડફી દેનાર કે દારૂ-ડ્રગ્સના નશામાં યુવાનીને ઢાળી દેનાર કોઈ યુવાનને ડૂસકું ભરાઈ આવે છે, આ વિચારથી કે “મેં હજુ સુધી કંઈ કર્યું નથી?”

જાગો જાગોજી, મારા આતમરામ;
મારે તો થાવા બેઠો છે, આ ફેરો નકામ.

– રામનારાયણ પાઠકની આ પંક્તિઓ પ્રત્યેક યુવાને વિચારવાની છે. ‘મારી યુવાની વેડફાઈ તો નથી રહી ને?’ આ આંતરખોજ દરેક યુવાને કરવાની છે.